# બજારમાં ઍન્ટિ-ક્લાઇમેક્સ સેન્સેક્સ નવા શિખરમાં ૭૨,૦૦૦ નજીક જઈ ઉપલા મથાળેથી ૧૬૧૦ પૉઇન્ટ ધરાશાયી થયો

બન્ને બજારનાં તમામ સેક્ટોરલ રેડ ઝોનમાં, રોકડું અને બ્રૉડર માર્કેટ નવા શિખર બાદ ત્રણ-સાડાત્રણ ટકા ખરડાયું : માર્કેટ કૅપની રીતે રોકાણકારોની સંપત્તિમાં ૮.૯૨ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ : ઓરિઅન પ્રોને બાદ કરતાં આઇટી ઇન્ડેક્સના ૫૫ શૅર ડાઉન, કૅપિટલ ગુડ્સ ઇન્ડેક્સ ૧૫૪૬ પૉઇન્ટ કપાયો : ગ્રે માર્કેટમાં મોતીસન્સ, સૂરજ એસ્ટેટ, મુથૂટ, આઇનોક્સ ઇન્ડિયા ઇત્યાદિના પ્રીમિયમનાં ગાંબડાં પડ્યાં : અદાણીના તમામ ૧૧ શૅર બગડ્યા, સેન્સેક્સ ખાતે એક માત્ર એચડીએફસી બૅન્ક નજીવો પ્લસ, બાકી બધું લાલ થયું : સ્મૉલ કૅપના ૯૪૫માંથી ૯૦૩, તો બ્રૉડર માર્કેટના ૫૦૧માંથી ૪૫૯ શૅર માઇનસમાં : માર્કેટ બ્રેડ્થમાં ભારે ખરાબી જોવા મળી

**માર્કેટ મૂડ**

અનિલ પટેલ



**બુધવારે** બજારમાં જબરો ઍન્ટિ-ક્લાઇમેક્સ જોવાયો. આગલા બંધથી ૨૧૧ પૉઇન્ટની ગૅપમાં ઉપર, ૭૧,૬૪૮ નજીક ખૂલ્યા પછી ૭૨,૦૦૦ ભણી ઝડપી પ્રયાણમાં સેન્સેક્સ ૭૧,૯૧૩ના નવા શિખરે ગયો અને ત્યાંથી ૧૬૧૦ પૉઇન્ટ લથડી ૭૦,૩૦૩ની અંદર જઈ છેવટે ૯૩૧ પૉઇન્ટના ધોવાણમાં ૭૦,૫૦૬ બંધ થયો છે. નિફ્ટી ૨૧,૫૯૩ની સર્વોચ્ચ સપાટી નોંધાવી ૩૦૩ પૉઇન્ટના ધબડકામાં ૨૧,૧૫૦ રહ્યો છે. સ્મૉલ કૅપ, મિડ કૅપ અને બ્રૉડર માર્કેટ નવી વિક્રમી સપાટી સર કરી ત્રણથી સાડાત્રણ ટકા તૂટ્યું છે. બન્ને બજારમાંથી એકેયમાં સમ ખાવા પૂરતાય એક પણ બેન્ચમાર્ક વધ્યો નથી. સેન્સેક્સ નિફ્ટીના ૧.૩થી ૧.૪ ટકાના ઘટાડા સામે નિફ્ટી મીડિયા ૫.૧ ટકા, પીએસયુ બૅન્ક નિફ્ટી ચાર ટકા, નિફ્ટી મેટલ ૩.૮ ટકા, ટેલિકૉમ ઇન્ડેક્સ ૪.૪ ટકા, પાવર ઇન્ડેક્સ ૪.૩ ટકા, યુટિલિટીઝ ૪.૭ ટકા, કૅપિટલ ગુડ્સ ઇન્ડેક્સ ૨.૮ ટકા કે ૧૫૪૬ પૉઇન્ટ, ઑટો ઇન્ડેક્સ ૨.૩ ટકા કે ૯૪૦ પૉઇન્ટ, આઇટી ઇન્ડેક્સ ૧.૮ ટકા કે ૬૬૧ પૉઇન્ટ, એનર્જી અને ઑઇલ-ગૅસ ઇન્ડેક્સ સવાબે ટકા, હેલ્થકૅર બે ટકા, રિયલ્ટી અઢી ટકા સાફ થયા છે એક શૅર વધ્યા સામે લગભગ દસેક શૅર ગગડ્યા જેવી વર્સ્ટ માર્કેટ બ્રેડ્થમાં એનએસઈ ખાતે ૨૦૪ શૅર પ્લસ હતા, સામે ૧૯૩૩ જાતો ઘટીને બંધ થઈ છે. પ્રોવિઝનલ ફીગર પ્રમાણે બજારનું માર્કેટ કૅપ ગઈ કાલે ૮.૯૨ લાખ કરોડના ધોવાણમાં હવે ૩૫૦.૨૦ લાખ કરોડની અંદર આવી ગયું છે.

બજાર ઓવર બૉટ ઝોનમાં હતું એટલે ટેક્નિકલ કરેક્શન લગભગ નક્કી મનાતું હતું. પરંતુ એ આવી રીતે આવશે એવી ધારણા બહુ ઓછી હતી. સેન્સેક્સ ૭૦,૦૦૦ અને નિફ્ટી ૨૧,૦૦૦ની ઓર્બિટમાં પ્રવેશી ચૂક્યા છે. બેઝ મોટો બની ગયો છે. દોઢેક ટકાની નરમાઈ પણ પૉઇન્ટની રીતે ચાર આંકડાના ધોવાણમાં પરિણમી શકે છે એટલે બહુ હેબતાઈ જવાની જરૂર નથી. ૨૩ ઑક્ટોબર પછીના લગભગ બે માસમાંનો આ સૌથી મોટો એકદિવસીય કડાકો રાબેતા મુજબનું ટેક્નિકલ કરેક્શન કે પ્રૉફિટ બુકિંગનું પરિણામ લાગે છે. શક્ય છે કે બજાર હજી બીજા ત્રણ-ચાર હજાર પૉઇન્ટ ઘટે, પરંતુ આ ઘટાડો આગળ ઉપર મોટી છલાંગ મારવાની તૈયારીનો જ એક ભાગ હશે.

ગઈ કાલે ચાઇના એક ટકો અને સિંગાપોર સાધારણ નરમ હતું. અન્ય અગ્રણી એશિયન બજારો સુધારામાં હતાં. સાઉથ કોરિયા પોણાબે ટકા, જપાન ૧.૪ ટકા, હૉન્ગકૉન્ગ ૦.૭ ટકા, ઇન્ડોનેશિયા અડધા ટકા નજીક, તાઇવાન અને થાઇલૅન્ડ સાધારણ વધ્યાં છે. યુરોપ રનિંગમાં નહીંવત વધ-ઘટે ફ્લૅટ હતું. લંડન બજાર અડધા ટકાથી વધુ ઉપર દેખાયું છે. બ્રેન્ટ ક્રૂડ સુધારાની ચાલમાં ૮૦ ડૉલર નજીક જઈ રહ્યા છે. આગલા દિવસના ૨૪૦૦ પૉઇન્ટથી વધુના ધબડકામાં ૬૨,૮૩૩ બંધ રહેલું પાકિસ્તાની શૅરબજાર ગઈ કાલે નીચામાં ૬૧,૦૮૨ થઈ છેવટે ૨૫૭ પૉઇન્ટના ઘટાડે ૬૨,૫૭૬ બંધ રહ્યો છે.

### નિફ્ટીમાં અદાણીના શૅર ટૉપ લૂઝર, નેસ્લે નવા શિખરે જઈને નરમ

ઑલરાઉન્ડ વેચવાલીમાં બુધવારે સેન્સેક્સના ૩૦માંથી ૨૯ અને નિફ્ટીના ૫૦માંથી ૪૬ શૅર સાફ થયા છે. સેન્સેક્સમાં એક માત્ર એચડીએફસી બૅન્ક ત્રણેક રૂપિયાના પરચૂરણ સુધારે ૧૬૫૬ બંધ હતો. નિફ્ટીમાં ઓએનજીસી દોઢ ટકો, તાતા કન્ઝ્યુમર એક ટકો અને બ્રિટાનિયા ૦.૯ ટકા પ્લસ હતા. તાતા સ્ટીલ સવાચાર ટકા તૂટી ૧૩૦ નીચેના બંધમાં સેન્સેક્સમાં ટૉપ લૂઝર બન્યો છે. એનટીપીસી પોણાચાર ટકા, એચસીએલ ટેક્નો અને તાતા મોટર્સ સવાત્રણ ટકા, મહિન્દ્ર તથા સ્ટેટ બૅન્ક ત્રણ ટકા, પાવર ગ્રિડ અને ટેક મહિન્દ્ર પોણાત્રણેક ટકા, લાર્સન સવાબે ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ બે ટકા ડાઉન હતા. રિલાયન્સ સવા ટકો બગડી ૨૫૨૭ના બંધમાં બજારને ૯૪ પૉઇન્ટ નડ્યો છે.

નિફ્ટીમાં અદાણી પોર્ટ્સ છ ટકા અને અદાણી એન્ટર ૫.૪ ટકા કે ૧૫૭ રૂપિયા ખરડાઈ વર્સ્ટ પર્ફોર્મર બન્યા છે. ગ્રુપના અન્ય શૅરમાં અદાણી પાવર પાંચ ટકા, અદાણી ટ્રાન્સમિશન ૭.૨ ટકા, અદાણી ગ્રીન ૫.૨ ટકા, અદાણી ટોટલ ૬.૪ ટકા, અદાણી વિલ્મર પોણાપાંચ ટકા નજીક, એસીસી સાડાપાંચ ટકા, અંબુજા સિમેન્ટ્સ ૬ ટકા, સાંઘી ઇન્ડ. પાંચેક ટકા, એનડીટીવી સાડાછ ટકા લથડ્યા છે. મોનાર્ક નેટવર્થ ૫.૨ ટકા અને ક્વિન્ટ ડિજિટલ ૩.૭ ટકા ડૂલ થયા હતા. નિફ્ટીમાં યુપીએલ ૪.૪ ટકા, કોલ ઇન્ડિયા ચાર ટકા, એચડીએફસી લાઇફ સવાત્રણ ટકા, આઇશર ૩.૨ ટકા, હિન્દાલ્કો ત્રણેક ટકા, ડિવીઝ લૅબ અને અપોલો હૉસ્પિટલ્સ પોણાત્રણ ટકા, ગ્રાસિમ અઢી ટકા, ભારત પેટ્રો સવાબે ટકા, બજાજ ફાઇ, ભારતી ઍરટેલ તથા બજાજ ફીનસર્વ પોણાબે ટકા નજીક ડાઉન હતા. પતંજલિ ફૂડ્સ ૪.૩ ટકાની ખરાબીમાં ૧૫૩૧ થયો છે.

વિજયા ડાયગ્નોસ્ટિક્સ વૉલ્યુમ સાથે ૭.૪ ટકાના ઉછાળે ૬૭૫ નજીક બંધ આપી ‘એ’ ગ્રુપમાં ઝળક્યો છે. ઇન્ડિયા બુલ્સ હાઉસિંગ ૧૧ ટકા તથા ઇન્ડિયા બુલ્સ રિયલ્ટી સવાદસ ટકાના કડાકામાં અત્રે ટૉપ લૂઝર બન્યા છે. રિલાયન્સ ઇન્ફ્રા નવ ટકાના અંધારપટમાં ૧૯૧ નીચે ગયો છે. રિલાયન્સ પાવર પોણાદસ ટકા કપાયો છે. નેસ્લે નવી ટોચે ૨૫,૭૬૬ થઈ ૧.૪ ટકાની નરમાઈમાં ૨૫,૧૨૨ બંધ હતો.

### બૅન્કિંગના ૩૯માંથી ૩૭ શૅર તથા આઇટીના ૫૬માંથી ૫૫ શૅર ડાઉન

બૅન્ક નિફ્ટી ૧૨માંથી ૧૧ શૅરની ખરાબીમાં ૦.૯ ટકા કે ૪૨૫ પૉઇન્ટ બગડ્યો છે. પીએસયુ બૅન્ક નિફ્ટી ૫૮૧૧ની સર્વોચ્ચ સપાટી બાદ ચાર ટકા લથડી ૫૫૩૩ રહ્યો છે. અત્રે ૧૨માંથી ૧૨ શૅર ડાઉન હતા. બૅન્કિંગના ૩૯માંથી માત્ર ૨ શૅર વધ્યા છે. એયુ બૅન્ક ૭૭૨ની ઇન્ટ્રા-ડે ટોચે જઈ ૩.૯ ટકા વધી ૭૬૦ હતી. એચડીએફસી બૅન્ક નહીંવત સુધારે ૧૬૫૬ રહી છે. સ્ટેટ બૅન્ક ૬૬૦ની ઑલટાઇમ હાઈ બાદ ત્રણ ટકા ગગડી ૬૩૬ થઈ છે. આઇસીઆઇસીઆઇ બૅન્ક ૦.૯ ટકા, ઍક્સિસ બૅન્ક પોણો ટકા, કોટક બૅન્ક સવા ટકો નરમ હતા. સામે ઉત્કર્ષ બૅન્ક, સૂર્યોદય બૅન્ક, ઇસફ બૅન્ક, ઉજ્જીવન બૅન્ક, યસ બૅન્ક, ધનલક્ષ્મી બૅન્ક, સાઉથ ઇન્ડિયન બૅન્ક, જેકે બૅન્ક, ડીસીબી બૅન્ક, આરબીએલ બૅન્ક, કરૂર વૈશ્ય બૅન્ક, સેન્ટ્રલ બૅન્ક, આઇઓબી, પંજાબ સિંધ બૅન્ક, યુકો બૅન્ક, બૅન્ક ઑફ મહારાષ્ટ્ર, પંજાબ નૅશનલ બૅન્ક, બૅન્ક ઑફ ઇન્ડિયા, યુનિયન બૅન્ક, કેનેરા બૅન્ક જેવા કાઉન્ટર ચારથી પોણાઆઠ ટકા ધોવાયાં છે.

ફાઇનૅન્સ ઇન્ડેક્સ ૧૪૧માંથી ૧૩૬ શૅરની બુરાઈમાં દોઢ ટકા ઘટી ૧૦,૨૭૯ બંધ થતાં પહેલાં ઇન્ટ્રા-ડેમાં ૧૦,૫૦૮ની ઑલટાઇમ હાઈમાં ગયો હતો. અત્રે ઇન્ડિયા બુલ્સ હાઉસિંગ ૧૧ ટકા, પીટીસી ઇન્ડિયા ફાઇ. સર્વિસિસ ૧૦ ટકા, અરહિંત કૅપિટલ ૧૦.૧ ટકા, સેન્ટ્રમ કૅપિટલ ૮.૮ ટકા, આઇએફસીઆઇ ૮.૫ ટકા, આઇઆરએફસી ૭.૭ ટકા, ધાની સર્વિસિસ ૭.૨ ટકા, આરઈસી ૭.૧ ટકા, આઇઆઇએફએલ ૬.૮ ટકા, બુડકો ૭.૩ ટકા, પાવર ફાઇનૅન્સ કૉર્પો. ૬.૮ ટકા, જેએમ ફાઇ. ૬.૬ ટકા ડૂલ થયા છે. પેટીએમ સવા ટકો ઘટી ૬૧૪ હતો. એલઆઇસી સવાચાર ટકા ખરડાઈ ૭૬૦ રહ્યો છે. એમસીએક્સ અઢી ટકા નરમ હતો.

આઇટી ઇન્ડેક્સ ૫૬માંથી ૫૫ શૅરની ખરાબીમાં ૧.૮ ટકા કે ૬૬૧ પૉઇન્ટ બગડ્યો છે. ઇન્ફી ૧.૪ ટકા, ટીસીએસ ૦.૮ ટકા, એચસીએલ ટેક્નો ૩.૨ ટકા, ટેક મહિન્દ્ર ૨.૭ ટકા, વિપ્રો દોઢ ટકા, લાટિમ ૧.૨ ટકા, તાતા એલેક્સી ૩.૪ ટકા, કોફૉર્જ ૩.૭ ટકા ડાઉન હતા. સાઇડ કાઉન્ટર્સમાં સુબેક્સ ૮.૭ ટકા, કેસેન્ડા ૮.૨ ટકા, મોસ્ચીપ ૭.૩ ટકા, વકરાંગી ૭.૪ ટકા, ક્વિકહીલ ૩.૫ ટકા, જેનેસિસ ૬.૨ ટકા, સિગ્નેટી ૫.૭ ટકા, સાસ્કેન ૬.૧ ટકા, ડેટા મેટિક્સ ૬.૧ ટકા સાફ થયા છે. ૬૩ મૂન્સ ખરાબી આગળ ધપાવતાં એક વધુ નીચલી સર્કિટે પાંચ ટકા તૂટી ૪૪૭ નીચે આવી ગયો છે. અત્રે એક માત્ર ઓરિઅન પ્રો અડધો ટકો સુધરી ૨૦૪૯ બંધ થયો હતો.

### ઇન્ડિયા શેલ્ટરનું નબળું લિસ્ટિંગ, ડોમ્સમાં ૫૪૧નો લિસ્ટિંગ ગેઇન

વલસાડના ઉમરગાંવની ડોમ્સ ઇન્ડસ્ટ્રીઝ ૧૦ના શૅરદીઠ ૭૯૦ની ઇશ્યુ પ્રાઇસ અને ગ્રે માર્કેટમાં ૫૧૦ના પ્રીમિયમ સાથે ગઈ કાલે ૧૪૦૦ ખૂલી ઉપરમાં ૧૪૩૪ તથા નીચામાં ૧૩૦૨ થઈ અંતે ૧૩૩૧ બંધ થતાં ૬૮.૫ ટકા કે ૫૪૧ રૂપિયાનો લિસ્ટિંગ ગેઇન છૂટ્યો છે. સામે ઇન્ડિયા શેલ્ટર ૫ના શૅરદીઠ ૪૯૩ની ઇશ્યુ પ્રાઇસ સામે ૬૧૩ નજીક ખૂલી ઉપરમાં ૬૨૪ અને નીચામાં ૫૩૧ બતાવી ૫૪૩ બંધ રહેતાં અહીં ૧૦.૨ ટકા કે ૫૦ રૂપિયાનો લિસ્ટિંગ ગેઇન મળ્યો છે. અહીં આગલા દિવસે ગ્રે માર્કેટમાં ૧૫૭નું પ્રીમિયમ બોલાતું હતું. એ જોતાં લિસ્ટિંગ નબળું કહી શકાય. આઇનોક્સ ઇન્ડિયાનો બેના શૅરદીઠ ૬૬૦ની ઇશ્યુ પ્રાઇસવાળો આઇપીઓ ગુરુવારે લિસ્ટિંગમાં જવાનો છે. ગ્રે માર્કેટમાં હાલ ૪૭૦ જેવું પ્રીમિયમ છે. આ ઉપરાંત બેન્ચમાર્ક કમ્પ્યુટર્સ, સિયારામ રિસાઇકલિંગ અને શ્રી ઓએસએફએમ મોબિલીટીના એસએમઈ ઇશ્યુ પણ આજે લિસ્ટેડ થવા સંભવ છે. બેન્ચમાર્કમાં ૨૫ અને સિયારામમાં ૩૫ના પ્રીમિયમ બોલાય છે.

મોતીસન્સ જ્વેલર્સનો ૧૦ના શૅરદીઠ ૫૫ના ભાવનો ૧૫૧ કરોડનો ઇશ્યુ બુધવારે છેલ્લા દિવસે કુલ ૧૭૩ ગણો, સૂરજ એસ્ટેટનો ૫ના શૅરદીઠ ૩૬૦ની ઇશ્યુ પ્રાઇસવાળો ૪૦૦ કરોડનો ઇશ્યુ કુલ ૧૬.૫ ગણો અને મુથૂટ માઇક્રોફીનનો ૧૦ના શૅરદીઠ ૨૯૧ના ભાવનો ૯૬૦ કરોડનો આઇપીઓ કુલ ૧૨.૩ ગણો ભરાઈને પૂરો થયો છે. મોતીસન્સમાં પ્રીમિયમ ઘટીને ૭૨ જેવું, મુથૂટમાં ગગડીને ૧૫ તથા સૂરજ એસ્ટેટમાં ૨૫ના લેવલે છે. આરબીઝેડ જ્વેલર્સનો ૧૦ના શૅરદીઠ ૧૦૦ના ભાવનો ૧૦૦ કરોડનો ઇશ્યુ બીજા દિવસના અંતે કુલ ૭.૨ ગણો ભરાયો છે. ગ્રે માર્કેટ ખાતે ૫ના ભાવથી પ્રીમિયમ છે. હેપી ફૉર્જિંગ્સનો બેના શૅરદીઠ ૮૫૦ના ભાવનો ૧૦૦૮ કરોડ પ્લસનો ઇશ્યુ અત્યાર સુધીમાં કુલ ૭.૬ ગણો ભરાયો છે. પ્રીમિયમ ૪૩૫ જેવું ચાલે છે. મુક્તી મેન્સવેર ફેમ ક્રીડો બ્રૅન્ડ્સનો બેના શૅરદીઠ ૨૮૦ના ભાવનો ૫૫૦ કરોડનો ઇશ્યુ કુલ ૭ ગણો ભરાયો છે. પ્રીમિયમ ૧૩૫નું છે. આ ત્રણેય ભરણાં ગુરુવારે બંધ થવાનાં છે.